**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# વચનામૃતગ્રંથના આધારે શ્રીજીમહારાજના મૂલ્યનિષ્ઠ વ્યક્તિત્વનો અભ્યાસ

# A STUDY OF THE VALUABLE PERSONALITY OF SHRIJIMAHARAJ ON THE BASIS OF THE VACHANAMRUT GRANTH

ગામીત શ્વેતલબેન વિનુભાઈ

**GAMIT SWETALBEN VINUBHAI**

(P.T.C., M.A., M.Ed., GSLET; Ph.D. Scholar)

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**Subject:** Education

**Keyword:** વચનામૃત, મૂલ્યો, શ્રીજીમહારાજનું વ્યક્તિત્વ

**સારાંશ**

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ વચનામૃતગ્રંથના આધારે શ્રીજીમહારાજના મૂલ્યનિષ્ઠ વ્યક્તિત્વનો અભ્યાસ કરવાનો હતો. તથા શ્રીજીમહારાજના મૂલ્યનિષ્ઠ વ્યક્તિત્વને રજૂ કરતા આધારવિધાનો તારવી મૂલ્યો તારવવાનો હતો. ગુણાત્મક પ્રકારનું, વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિ, દ્વારા થયેલ આ સંશોધનનું વ્યાપવિશ્વ ' વચનામૃતગ્રંથ ' હતો.નમૂના તરીકે વચનામૃતગ્રંથના બસો બાસઠ પ્રકરણોનો સમાવેશ કર્યો હતો. વ્યવહારિક પ્રકારના આ સંશોધનનું કાર્યક્ષેત્ર મૂલ્યશિક્ષણ અને શૈક્ષણિક તત્વજ્ઞાન હતું. કાર્યપત્રક ઉપકરણ દ્વારા ડૉ. એચ. ઓ. જોષીએ (૧૯૯૮) 'મૂલ્યશિક્ષણ' માં આપેલા મૂલ્યોના વર્ગીકરણ મુજબ પેટામૂલ્ય, મૂલ્ય તારવી તજજ્ઞીકરણ બાદ હાર્દરૂપ તેર વિધાનોની પસંદગી કરી હતી. વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિ દ્વારા શાબ્દિક સ્વરૂપે પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન નોંધપત્રકમાં કર્યું હતું. જે અંતર્ગત કેળવણીકાર, સમાજસુધારક, આધ્યાત્મિક સાધક અને શાસ્ત્રજ્ઞ અનુભવી તરીકેની પ્રતિભા તેમના વક્તવ્ય અને વર્તનમાં પ્રતિબિંબિત થતી જોવા મળી હતી. શ્રીજીમહારાજ દ્વારા કથિત ઉપદેશાત્મક વચનોના સંગ્રહગ્રંથ વચનામૃત મુજબ તેમનું વ્યક્તિત્વ કથની અને કરણીમાં સામ્યતા ધરાવનારું હતું. તેમના મૂલ્યનિષ્ઠ વ્યક્તિત્વને રજૂ કરતા, વચનામૃતગ્રંથમાંથી તારવેલા આધારવિધાનોમાંથી વ્યક્તિગત મૂલ્ય, આધ્યાત્મિક મૂલ્ય, સાંસ્કૃતિક મૂલ્ય, નૈતિક મૂલ્ય, સામાજિક મૂલ્ય પ્રાપ્ત થયા હતા.આ સંશોધન મૂલ્યશિક્ષણ તથા ભારતીય સંસ્કૃતિના સંરક્ષણ, સંસ્કરણ અને સંવર્ધન માટે ઉપયોગી થશે.

## ૧.૦ પ્રસ્તાવના

વચનામૃતગ્રંથ એ શ્રીજીમહારાજે લોકકલ્યાણ માટે ઉદ્દબોધેલી કૃપાવાણીનો સંગ્રહગ્રંથ છે. વિષય, વ્યસન, અંધશ્રધ્ધા, કુરિવાજો અને અજ્ઞાનના અંધકારમાં દિશાવિહિન થયેલા સમાજમાં જાગૃતિ લાવવા શ્રીજી મહારાજે ઉદ્દબોધેલ વચનરૂપી અમૃત – વચનામૃતગ્રંથમાં ભારતીય સંસ્કૃતિના મૂળ સમાયેલા છે. જીવન, જગત, આત્મા અને પરમાત્મા વિષેની મુખ્ય ચર્ચામાં શ્રીજીમહારાજના મૂલ્યનિષ્ઠ જીવન અને કવન તાર્દશ્ય થાય છે. વિવિધ ધર્મોના શાસ્ત્રોનો આધાર લઈ તેના નિચોડને સરળભાષામાં રજૂ કરનાર, ધર્મ અને સંસ્કૃતિના પ્રવર્તક એવા શ્રીજીમહારાજના મૂલ્યનિષ્ઠ વિચારોનો અભ્યાસ મૂલ્યશિક્ષણમાં પથદર્શક બને એ ઉદ્દેશ સાથે વચનામૃતગ્રંથના આધારે શ્રીજીમહારાજના મૂલ્યનિષ્ઠ વ્યક્તિત્વનો અભ્યાસ કરવાનો પ્રયાસ કર્યો છે.

## ૨.૦ સંશોધનના હેતુઓ

(૧) વચનામૃત ગ્રંથના આધારે શ્રીજીમહારાજના મૂલ્યનિષ્ઠ વ્યક્તિત્વનો અભ્યાસ કરવો.

(૨) વચનામૃત ગ્રંથમાં શ્રીજીમહારાજના મૂલ્યનિષ્ઠ વ્યક્તિત્વને રજૂ કરતા આધારવિધાનો તારવી મૂલ્યો નિર્ધારિત કરવા.

## ૩.૦ વ્યાપવિશ્વ અને નિદર્શ

પ્રસ્તુત અભ્યાસમાં ‘ વચનામૃતગ્રંથ’ ને વ્યાપવિશ્વ તરીકે સ્વીકારેલ તથા વચનામૃતગ્રંથમાં સમાવિષ્ટ બસો બાસઠ પ્રકરણને નિદર્શ તરીકે પસંદ કર્યા હતા. સહેતુક નમૂના પસંદગી કરી હતી.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## ૪.૦ ઉપકરણ

ઉપકરણ તરીકે કાર્યપત્રકનો ઉપયોગ કર્યો હતો. કાર્યપત્રકમાં વચનામૃત ક્રમાંક, આધારવિધાન, અર્થઘટન, પેટામૂલ્ય અને મૂલ્ય જેવા મુદ્દા લીધા હતા. વચનામૃતગ્રંથના વિષયવસ્તુમાંથી હાર્દરૂપ તેર વિધાનોની પસંદગી તજજ્ઞીકરણ બાદ કરી હતી.

## ૫.૦ સંશોધન પધ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં વર્ણનાત્મક સંશોધન પધ્ધતિ પૈકી વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

## ૬.૦ માહિતી એકત્રીકરણ, પૃથક્કરણ અને અર્થઘટન

માહિતી એકત્રીકરણ માટે 'વચનામૃતગ્રંથ'નો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો હતો. તથા વચનામૃત ગ્રંથ આધારિત સંદર્ભગ્રંથોમાંથી પણ માહિતી મેળવી હતી. માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન ડૉ. એચ. ઓ. જોષીએ 'મૂલ્યશિક્ષણ' માં આપેલ મૂલ્યનિર્દેશ મુજબ કર્યું હતું. ડૉ.એચ. ઓ. જોષી દ્વારા વર્ગીકૃત મૂલ્યોનો આધાર લઈને વચનામૃતગ્રંથમાં તારવેલા વિધાનો, અર્થઘટન, પેટામૂલ્ય, મૂલ્ય સારણીમાં રજૂ કરેલ છે.

## ૭.૦ વચનામૃતગ્રંથના આધારે શ્રીજીમહારાજનું મૂલ્યનિષ્ઠ વ્યક્તિત્વ

- **કેળવણીકાર**

સાચો કેળવણીકાર પથ્થરફોડા જેવા બરછટ વાઢકાપ નથી કરતો. તે તો નમણી નાજુક જ્ઞાનહથોડી વડે હળવા હાથે શિલ્પીની જેમ વ્યક્તિત્વના અણઘડ ખૂણાઓને ભાંગતો હોય છે. વચનામૃતગ્રંથમાં શ્રીજીમહારાજે કરેલ આધ્યાત્મિક ગોષ્ઠિ, ચર્ચા, સંવાદ, પ્રશ્નોત્તરી, ઉદાહરણ, દ્રષ્ટાંત, પ્રસંગકથન અને શાસ્ત્રાર્થમાં આદર્શ કેળવણીકાર

તરીકેનું વ્યક્તિત્વ પ્રતિબિંબિત થાય છે. સમગ્ર માનવ સમાજ તથા પોતાના શિષ્યવૃંદને આધ્યાત્મિક સાધના કરવા અંગે જાગૃતિ માટે ઉદ્‌બોધેલ ઉપદેશોમાં બ્રહ્મવિદ્યાનો અર્ક ઝરે છે.મનુષ્યમાત્રમાં રહેલ સ્વભાવો દોષો અને અજ્ઞાનને દૂર કરવા દબાણ નહીં પણ રૂપાંતરણનો અભિગમ અપનાવતા હતા. શાસ્ત્રોના આધાર, સંદર્ભ આપી સારતત્વ સરળ શબ્દમાં રજૂ કરતા હતા. ગુણગ્રાહ્ય દ્રષ્ટિ કેળવવા માટે, ભગવાન સાથે હેતના સંબંધથી જોડાવા માટે માર્ગદર્શન આપતા શ્રીજીમહારાજ પથદર્શક કેળવણીકારની જેમ કહે છે,

૧. 'ઈર્ષ્યા કરવી તો એવી કરવી કે જેની પર ઈર્ષ્યા હોય તેના જેવા ગુણને કરવા અને પોતાના અવગુણને ત્યાગ કરવા.'

૨. 'ભગવાન સાથે તો એવું હેત રાખવું જેવું હેત સ્ત્રી ઉપર છે કે પુત્ર ઉપર છે કે મા-બાપને ભાઈ ઉપર છે, તેવું હેત રાખવું.'

૩. 'આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે, તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને, તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે.'

- **સમાજસુધારક**

  શ્રીજીમહારાજ એવા સમયે ઉદય પામ્યા હતા જ્યારે ભારતના ઈતિહાસમાં રાજકીય, ધાર્મિક અને વૈચારિક ઊથલપાથલ થઈ રહી હતી.મોગલાઈ અને મરાઠા સત્તાનો અસ્ત થઈ રહ્યો હતો અને બ્રિટિશ હકૂમત દઢમૂલ બની રહી હતી. નાતિ, જાતિ અને ધર્મના ભેદ તથા વિષય, વ્યસન અને વહેમના વિષચક્રમાંથી શ્રીજીમહારાજે સમાજને આધ્યાત્મિકતાના માર્ગે વાળવા પ્રયાસ કર્યો હતો.તથા કુરિવાજો, અસ્પૃશ્યતા નિવારણ માટે લોકોને આત્મસ્વરૂપની ઓળખ દઢ કરાવી સામાજિક ઉત્કર્ષનું કાર્ય કર્યું હતું.

૪. 'તારું સ્વરૂપ તો આત્મા છે દેહ નથી. ને આ લાડકીબાઈ નામ અને દેહ તે તું નથી.'

VIDHYAYANA

Vidhyayana - ISSN 2454-8596

An International Multidisciplinary Peer-Reviewed E-Journal

www.vidhyayanaejournal.org

Indexed in: ROAD & Google Scholar

૫. 'પંચ ઈન્દ્રિયો દ્વારે જીવ જે આહાર કરે છે તે આહાર જો શુધ્ધ કરશે તો અંતઃકરણ શુધ્ધ થાશે.'

૬. 'અમારી લખેલી જે શિક્ષાપત્રી તેનો પાઠ અમારાં આશ્રિત જે ત્યાગી, સાધુ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ બાઈ-ભાઈ સર્વે તેમણે નિત્ય કરવો.'

- **આધ્યાત્મિક સાધક**

    શ્રીજીમહારાજનું વ્યક્તિત્વ કથની અને કરણીમાં સામ્યતા ધરાવતું હતું. અજ્ઞાનરૂપી અંધકારમાં ડૂબેલા માનવસમાજને માર્ગ ચીંધતા પહેલા તેઓ પોતે સાધક બનીને તે માર્ગે ચાલ્યા હતા. ગુરુ સોળ આની વર્તે તો શિષ્ય એક આની વર્તે. સેવામય, કથાના આગ્રહી, તપસ્વી અને અંતદ્રષ્ટિયુક્ત એવા આદર્શ સાધક તરીકેની સુંદર છવિ વચનામૃતમાં ઝિલાઈ છે.

૭. ' દેહ ધરીને ભગવાનને ભગવાનના ભક્તની ભેળે રહીએ ને તેને અર્થે જે સેવા તે જ અતિશય શ્રેષ્ઠ સાધન છે.'

૮. 'અમારે તો ભગવાનની કથા, કીર્તન કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઈ કાળે મનની તૃપ્તિ થતી જ નથી.'

૯. 'એમ મનમાં રહે છે, જે શ્વેતદ્રીપને વિષે તથા બદરિકાશ્રમને વિષે જઈને નિરન્નપણે રહ્યા થકા તપ કરીએ, તે બહું સારૂં લાગે.'

- **શાસ્ત્રજ્ઞ અનુભવી**

    લોકજાગૃતિ લાવવા માટે શ્રીજીમહારાજે ઉદ્દબોધેલ કૃપાવચનોમાં પોતીકા ચિંતનની માર્મિકતા સાથે શાસ્ત્ર પ્રમાણોની નક્કરતા પણ વચનામૃતમાં તાદશ્ય કરી હતી. સમગ્ર  વચનામૃતમાં તેમણે લગભગ ૯૦ જેટલાં પ્રમાણો આપ્યાં છે. શ્રીમદ્દભગવદ્દગીતાના ૩૧ પ્રમાણો ટાંક્યા છે. આ વચનામૃતના વાક્યે વાક્યે એક શાસ્ત્રજ્ઞ અનુભવી તરીકેની તેમની ઓળખ છતી થાય છે.

૧૦. 'પોતે પોતાને નથી જોતો તે અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે.'

૧૧. 'આ વાતને અમે કરીએ છીએ તે કાંઈ બુધ્ધિની કલ્પનાએ નથી કરતા તથા સિધ્ધાઈ જણાવવા સારુ નથી

કરતા, આતો અમારી અજમાવેલ વાત છે ને જેમ અમે વર્તીએ છીએ તેમ વાત કરીએ છીએ.'

૧૨. 'વચનામૃતનું પુસ્તક નિત્યાનંદ સ્વામીએ લાવીને શ્રીજીમહારજને આપ્યું, પછી શ્રીજીમહારાજ તે પુસ્તક જોઈને બહુ રાજી થયા.'

૧૩. 'અમે ઝાઝી વાર સુધી વિચાર કર્યો ને સર્વે શાસ્ત્રોમાં નજર ફેરવીને જોયું ત્યારે એમ જણાયું જે...'

**૮.૦ શ્રીજીમહારાજ દ્વારા ઉદ્‌બોધિત વચનામૃતગ્રંથના આધારવિધાન, અર્થઘટન, પેટામૂલ્ય અને મૂલ્ય**

| ક્રમ | વચનામૃત ક્રમાંક | આધાર વિધાન | અર્થઘટન | પેટામૂલ્ય | મૂલ્ય |
|---|---|---|---|---|---|
| ૧. | ગઢડા પ્રથમ ૪ | ઈર્ષ્યા કરવી તો...અવગુણને ત્યાગ કરવા. | ઈર્ષ્યા ત્યજીને ગુણગાહ્ય દષ્ટિ કેળવવી. | ગુણગાહ્ય દષ્ટિ | વ્યક્તિગત મૂલ્ય |
| ૨. | ગઢડા મધ્ય ૫૯ | ભગવાન સાથે··· તેવું હેત રાખવું. | ભગવાન સાથે મમત્વભાવથી જોડાવું. | પ્રભુપ્રેમ | આધ્યાત્મિક મૂલ્ય |
| ૩. | ગઢડા મધ્ય ૨૮ | આ વાર્તા જે...સાર કાઢીને આ વાર્તા કરી છે. | ધાર્મિકગ્રંથો દ્વારા સંસ્કૃતિનું સંસ્કરણ અને સંવર્ધન કરવું. | સાંસ્કૃતિક વારસાની જાળવણી | સાંસ્કૃતિક મૂલ્ય |
| ૪. | ગઢડા પ્રથમ ૨૫ | તારૂં સ્વરૂપ... દેહ તે તું નથી. | આત્મસ્વરૂપ ઓળખવું. | આત્મનિષ્ઠા | આધ્યાત્મિક મૂલ્ય |
| ૫. | ગઢડા પ્રથમ ૧૮ | પંચઈન્દ્રિયો... તો અંતઃકરણ શુધ્ધ થાશે. | ઈન્દ્રિયાહાર શુધ્ધ રાખવો. | ઈન્દ્રિયો પરનો કાબૂ | વ્યક્તિગત મૂલ્ય |
| ૬. | ગઢડા અંત્ય ૧ | અમારી લખેલી શિક્ષાપત્રી... પાઠ નિત્ય કરવો. | શિક્ષાપત્રી મુજબ નીતિમય વ્યવહાર કરવો. | નીતિમય વ્યવહાર | નૈતિક મૂલ્ય |
| ૭. | ગઢડા મધ્ય ૬૩ | દેહ ધરીને... સેવા તેજ અતિશય શ્રેષ્ઠ સાધન છે. | દાસત્વભાવે સેવા કરવી. | સેવા | સામાજિક મૂલ્ય |

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮. | ગઢડા મધ્ય ૪૯ | અમારે તો કથા...તૃપ્તિ થતી નથી. | કથા શ્રવણ દ્વારા નવધાભક્તિ કરવી. | ધાર્મિકતા | આધ્યાત્મિક મૂલ્ય |
| ૯. | લોયા – ૧૪ | એમ મનમાં... તપ કરીએ તે બહું સારું લાગે. | તપની રૂચિ દર્શાવી મહત્વ સમજાવ્યું છે. | તપ | આધ્યાત્મિક મૂલ્ય |
| ૧૦. | ગઢડા પ્રથમ ૨૦ | પોતે પોતાને નથી જો તો··· અજ્ઞાની છે. | આત્મ સ્વરૂપની ઓળખ દઢ કરવી. | આત્મ નિષ્ઠા | આધ્યાત્મિક મૂલ્ય |
| ૧૧. | ગઢડા અંત્ય ૩૯ | આ વાતને... વર્તીએ છીએ તેમ વાત કરીએ છીએ. | સત્ય જાણી તે મુજબ વર્તવું | સત્ય | સાંસ્કૃતિક મૂલ્ય |
| ૧૨. | લોયા – ૭ | વચનામૃતનું પુસ્તક... જોઈને બહુ રાજી થયા. | સાહિત્ય સર્જન દ્વારા સાંસ્કૃતિક વારસાની જાળવણી કરવી. | સાંસ્કૃતિક વારસાની જાળવણી | સાંસ્કૃતિક મૂલ્ય |
| ૧૩. | પંચાળા – ૬ | અમે ઝાઝી··· શાસ્ત્રોમાં નજર ફેરવીને જોયું. | શાસ્ત્રાભ્યાસ ઊંડાણપૂર્વક વિચારીને કરવાની પ્રકૃતિ રાખીને ઈશ્વરત્વને પામવું. | પ્રકૃતિ ચિત્રણ | આધ્યાત્મિક મૂલ્ય |

**૯.૦ તારણ**

શ્રીજીમહારજે આપેલા ઉપદેશાત્મક વચનો માત્ર સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ માટે જ નહીં પણ સમગ્ર માનવસમાજના હિત માટે છે. આ અભ્યાસના હેતુ અંતર્ગત કેળવણીકાર, સમાજ સુધારક, આધ્યાત્મિક સાધક અને શાસ્ત્રજ્ઞ અનુભવી તરીકેનું મૂલ્યનિષ્ઠ વ્યક્તિત્વ શ્રીજીમહારાજના વક્તવ્ય અને વર્તનમાં સ્પષ્ટ જોવા મળ્યું હતું.

શ્રીજીમહારાજના મૂલ્યનિષ્ઠ વ્યક્તિત્વ રજૂ કરતા વચનામૃતગ્રંથના આધારવિધાનોમાંથી વ્યક્તિગત મૂલ્ય, નૈતિક મૂલ્ય, સામાજિક મૂલ્ય, સાંસ્કૃતિક મૂલ્ય પ્રાપ્ત થયા હતા.ગુણગ્રાહ્ય દ્રષ્ટિ, પ્રભુપ્રેમ, સત્ય, સાંસ્કૃતિક

વારસાની જાળવણી, આત્મનિષ્ઠા, નીતિમય વ્યવહાર, ઈન્દ્રિયો પરનો કાબૂ, સેવા, ધાર્મિકતા, તપ, પ્રકૃતિ ચિત્રણ જેવા પેટામૂલ્યો પ્રાપ્ત થયા હતા.

**૧૦.૦ સંશોધનના ફલિતાર્થ**

મૂલ્યશિક્ષણ માટે આદર્શ વ્યક્તિ, આદર્શ વિચાર કે આદર્શ મૂલ્યનિષ્ઠ વાતાવરણથી વિદ્યાર્થી અને સમાજને અવગત કરાવવા માટે આવા સંશોધનનો ઉપયોગ કરવો જોઈએ.

કથની અને કરણીમાં સામ્યતા ધરાવનારા આદર્શ પાત્રોના મૂલ્યનિષ્ઠ જીવન, આચરણ અને સુવિચારોથી વિદ્યાર્થીને વાકેફ કરવા જોઈએ.

**૧૧.૦ ભાવિ સંશોધન અંગેની ભલામણો**

પ્રસ્તુત અભ્યાસ વચનામૃતગ્રંથમાં શ્રીજીમહારાજે આપેલા ઉપદેશોમાંથી નિષ્પન્ન થતા મૂલ્યો અને જીવનની ગુણવત્તા પૂરતું મર્યાદિત છે. મૂલ્યશિક્ષણની દિશામાં વિશ્વભરમાં આવા અન્ય આદર્શ મહાપુરૂષો, સમાજસુધારકો, સંતો, વિચારકો તથા વિવિધ ધર્મોના ગ્રંથોમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યો અને મૂલ્યનિષ્ઠ વિચારો અંગે સંશોધન હાથ ધરી શકાય.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સંદર્ભસૂચિ**

૧. ઉચાટ, ડી. એ. (૨૦૦૯).શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર. અમદાવાદ: સાહિત્ય મુદ્રાલય.

૨. જોષી, એચ. ઓ. (૧૯૯૮).મૂલ્ય શિક્ષણ. રાજકોટ: મનોરમા પ્રકાશન.

૩. દવે, આર. એમ. (૨૦૦૦) ઘનશ્યામ ચરિત્ર. અમદાવાદ: સ્વામિનારાયણ અક્ષરપીઠ.

૪. સાધુ, આદર્શજીવનદાસ. (૧૯૯૬). ભગવાન સ્વામિનારાયણનું વ્યક્તિત્વ. અમદાવાદ: સ્વામિનારાયણ અક્ષરપીઠ.

૫. સાધુ, આદર્શજીવનદાસ. (૨૦૦૮). સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણનું જીવન અને કાર્ય.અમદાવાદ:સ્વામિનારાયણ અક્ષરપીઠ.

૬. સ્વામિનારાયણ, અક્ષરપીઠ. (૨૦૦૭). વચનામૃત. અમદાવાદ: સ્વામિનારાયણ અક્ષરપીઠ.